ભાસ્કર



વિન્ડ હોવા છતા સાયકલીસ્ટ અને જોશ સાથે 200 BRM સફળતા પૂર્ણ થઈ હતી.

સંજય માંકડ, 2014 નેશનલ પ્રેસિડેન્ટ જેસી દિપક નાહક, મારુતિસિંહ અટોદરીયા ભાજપ ભરૂચ જીલ્લા પ્રમુખ સહિતનાઓએ હાજરી આપી હતી. જેસીઆઈ જોન 8માંથી 500થી વધારે ડેલિકેટ આવ્યા હતા.



### જેપી એક્સટ્રુશનટેક કંપનીના સહયોગથી શિબિરનું આયોજન

# ESIC હોસ્પિટલ અંકલેશ્વર દ્વારા સ્વચ્છતા પખવાડાની ઉજવણી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



ઇએસઆઈસી હોસ્પિટલ અંકલેશ્વર દ્વારા સ્વચ્છતા પખવાડા 2022 અંતર્ગત અને મેસર્સ જેપી એક્સટ્રુશનટેક પ્રાઈવેટ લિમિટેડ જીઆઈડીસી ખાતે સ્વતંત્રતાના 75 વર્ષની ઉજવણી નિમિત્તે "આરોગ્ય તપાસ શિબિર અને જાગૃતિ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડો.અંકિતા પરમારેએ આઈ.પી.ના દર્દીઓના દાંતની તપાસ કરી દાંતના સ્વાસ્થ્ય પ્રત્યે આપણે હંમેશા જાગૃત રહેવું જોઈએ અને દાંતના રોગોની સમયસર સારવાર મેળવીને દાંતને કેવી રીતે બચાવી શકાય તે અંગે જણાવ્યું હતું.

ડૉ. ડેક્સ્ટરે બીપી, સુગર અને 80 આઈપીના વજનની તપાસ કર્યા બાદ તેમના સ્વાસ્થ્યની તપાસ કરી અને તેમને આહાર અને તણાવ મુક્ત જીવનશૈલી વિશે વિગતવાર સમજાવ્યું. દરમિયાન દિલીપ કુમારે ESI યોજનાની તબીબી અને આરોગ્ય સેવાઓ વિશે જણાવ્યું.